# ECHO OF HIS CALL

# સાદનો પ્રતિસાદ

GUJARATI

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE

REACHING NATIONS

India's National Spiritual Newspaper

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. PANKAJ C. WADIA

VOL: XXVI | YEAR OF OUR LORD JESUS CHRIST, 2024 AUGUST | NO: 06


**પવિત્ર બાઈબલ**

**કૃપા કરી આ ભાગ મોઢે કરો**

**પ્રભુની સ્તુતિ થાઓ!!**

ગીતશાસ્ત્ર : ૮૫:૧-૯

૧. હે યહોવા, તું તારા દેશ પર પ્રસન્ન થયો છે. તે યાકૂબનું દાસત્વ પાછું વાળ્યું છે.

૨. તેં તારા લોકનો અન્યાય માફ કર્યો છે, તેં તેઓનાં સર્વ પાપ ઢાંકી દીધાં છે.

૩. તેં તારો સર્વ રોષ દૂર કર્યો છે; તું તારા ક્રોધાવેશથી પાછો ફર્યો છે.

૪. હે અમારા તારણના દેવ, અમને ફેરવ, અમારા પરથી તારો કોપ દૂર કર.

૫. શું તું અમારા પર સદા કોપાયમાન રહેશે? શું તું પેઢી દરપેઢી તારો કોપ લંબાવશે?

૬. શું તું અમને ફરીથી સજીવન નહિ કરશે કે, તારામાં તારા લોક હરખાય?

૭. હે યહોવા, તારી કૃપાનો અમને અનુભવ કરાવ, અને તારું તારણ અમને આપ.

૮. યહોવા દેવ જે બોલે તે હું સાંભળીશ; કેમ કે તે પોતાના લોકો તથા પોતાના ભક્તોની સાથે શાંતિની વાત કરશે; પણ તેઓ મૂર્ખાઈ ભણી પાછા ફરી ન જાય.

૯. નિશ્ચે તેનું તારણ તેના ભક્તોની પાસે છે; જેથી અમારા દેશમાં ગૌરવ રહે.

## પાણીની જેમ ધસી આવનાર યહોવા પ્રભુ! બઆલ પરાસીમ !

## THE LORD OF BREAKTHROUGHS! BAAL PARAZIM! (2 samuel 5:20)

*માનદ્ મુખ્ય સંપાદક – રેવ. એન્જેલાઈન સેલ્વાકુમારી*



મારા સર્વ **ઈકો ઓફ હિઝ કોલ**ના વિસ્તારીત પરિવારને શુભેચ્છાઓ. આ પૃષ્ઠો દ્વારા તમારી સાથે જોડાઈને મને હંમેશા ખૂબ આનંદ થાય છે. જેમ જેમ ઉનાળો પૂરો થવા આવે છે, ત્યારે આપણે નવી મોસમમાં પ્રવેશ કરી રહ્યા છીએ. દરેક ઋતુ તેની આગવી સુંદરતા ધરાવે છે. વૃદ્ધિ માટે આપણને ગરમી અને વરસાદ બંનેની જરૂર છે. બાઈબલ આપણને શીખવે છે કે **ઈશ્વરે તેમના સમયમાં દરેક વસ્તુને સુંદર બનાવી છે.** (સભાશિક્ષક ૩:૧૧). જેમ સુલેમાન કહે છે, તેમ પૃથ્વી ઉપર દરેક બાબતને માટે ઋતુ, અને દરેક પ્રયોજનને માટે વખત હોય છે. હું અચોક્કસ છું કે તમે આ વર્ષે અત્યાર સુધી કઈ ઋતુનો અનુભવ કર્યો છે, પરંતુ યાદ રાખો, ઉત્તમ આવવાનું હજુ બાકી છે. નિર્ણાયક પાસું ઈશ્વરના વચનોની ખાતરીઓને સ્વીકારવાનું શીખવાનું છે. ઘણી વાર, આપણે ઈશ્વરના વચનોથી માહીતગાર હોઈએ છીએ પણ તેમને આપણા પોતાના બનાવવા માટે સંઘર્ષ કરીએ છીએ.

(અનુસંધાન પાન ૩ પર)




ઈકો ઓફ હીજ કોલ

**ખ્રિસ્તી યૂટ્યૂબ ચેનલ !**

**પાળક એસ. સામ સેલ્વરાજ સાથે**

**પ્રાર્થના કરવાની એક તક!**

**પાંચ મિનિટોમાં સંદેશો, પ્રાર્થના!!**

**અંગ્રેજી, હિન્દી, તામિલ અને તેલગુ**

દરરોજ - સવારે ૨.૦૦ વાગે થી

**તમિલ રવિવારની ભજનસેવા - સવારે ૮.૩૦ વાગે**

# ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)

REACHING NATIONS



## *from your dearly beloved brother...*



## આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઇએ અને શીખવવું જોઇએ. આ સમયની જરૂરિયાત છે.


HON. EDITOR-IN-CHIEF
Rev. Angeline S. Kumari, M.A., M.Sc., M.Ed.

HON. MANAGING EDITOR
Pastor Alex Samson Sam, B.Th., M.Div.

GENERAL MANAGER
Bro. N. Prakasam, M.A., M.Sc.(C&P), PGDHRM, MBA.

ADMINISTRATION
Sis. Jesy Veena Sam
Adv. K. Puratchivendan, M.Com., C.A., B.L.
Dr. P.E.R. Premchand, M.Sc., M.A., M.Ed., Ph.D.
Dr. C.G.S. Baburao, B.Tech., M.Tech. (DM), Ph.D.
Dr. Rabinder Boaz, M.S. (CMC)

EDITORIAL BOARD
Dr. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Sis. Sajini Cherian
Rev. Dr. K.R. Rajasekaran



EDITOR, PUBLISHER & PRINTER
Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 98412 71858 95661 31858

E.MAIL
sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in

WEBSITES
www.echoofhiscall.org
www.stpaulsmatriculation.com

YOUTUBE CHANNEL
Echo of His Call


**ઈશ્વરને ધન્ય હોજો કે, જેણે મારી પ્રાર્થનાની અવગણના કરી નથી, તથા મારા પરની તેની કૃપા અટકાવી નથી! – ગીતશાસ્ત્ર ૬૬:૨૦**

વહાલા પ્રિય ભાઈઓ તથા બહેનો,

આપણા પ્રભુ અને તારણહાર, ઈસુ ખ્રિસ્તના નામમાં **ઈકો ઓફ હિઝ કોલ**ના મુખ્યાલય તરફથી તમને અને તમારા પ્રિયજનોને હાર્દિક શુભેચ્છાઓ.

અમે વ્યક્ત કરવા ઈચ્છીએ છીએ કે તમે અમારા માટે ખરેખર કેટલા ખાસ છો! વર્ષોથી, તમે, તમારા માતા-પિતાઓ અને દાદા-દાદીઓ સાથે, ૧૯૬૯માં તેની શરૂઆતથી **ઈકો ઓફ હિઝ કોલ** મારફતે અમારી સાથે આત્મિક મુસાફરી શરૂ કરી છે. આ બધા સમયથી આપણી સાથે રહેલ ઈશ્વરની કૃપા પર પ્રતિબિંબિત કરવામાં તે અમને ઘણો આનંદ આપે છે.

૧૦મી ઑગસ્ટના રોજ અમે **ઈકો ઑફ હિઝ કોલ** અને તેની વિવિધ મિનિસ્ટ્રીજના ૫૬માં વર્ષમાં પ્રવેશ કરીએ છીએ, ત્યારે અમે અમારા પ્રભુ અને તારણહાર, ઈસુ ખ્રિસ્તના વિજયની અને વિશ્વાસુપણાની વર્ષભર ઉજવણી કરવા માટે તમારી સાથે હાથ મિલાવીએ છીએ. માણસની અને ઈશ્વરની નજરમાં અમારી હાજરી બીનમહત્વ લાગતી હોવા છતાં, અમારા પ્રત્યેની તમારી અતૂટ દયા બદલ અમે તમારી ખૂબ પ્રશંસા કરીએ છીએ અને તમારો આભાર માનીએ છીએ. તમારી પ્રાર્થનાઓ, યોગદાનો અને સમર્થનનો અર્થ અમારા માટે વિશ્વ છે. મારી આગ્રહભરી પ્રાર્થના છે કે ઈશ્વર આકાશની બારીઓ ખોલે અને તમારા પર પણ તેમના પુષ્કળ આશીર્વાદો વરસાવે.

ઈશ્વરની ઈચ્છા હશે, તો અમે આ વર્ષે ૯મી ઓગસ્ટથી ૧૧મી ઓગસ્ટ સુધી અમારી ૫૬મી વર્ષગાંઠ સુવાર્તા સભા સાધારણ રીતે યોજીશું. આ કાર્યક્રમમાં અમારા મુખ્ય ચર્ચમાં સાંજની સુવાર્તા સભાઓ, યુવા પ્રવૃત્તિઓ અને બાળકોના કાર્યક્રમોનો સમાવેશ હશે. જો તમે ચેન્નાઈની મુલાકાત લેતા હોવ, તો અમે તમને આ કાર્યક્રમમાં હાજરી આપવા માટે હાર્દિક આમંત્રણ આપીએ છીએ.

જ્યારે અમારી પાસે ખર્ચાળ ઉજવણી માટેના સાધનો ન હોય, ત્યારે અમે અમારા માટે ઉપલબ્ધ સંસાધનો સાથે આ દિવસો દરમિયાન અમારા વિશ્વાસુ માલિક, ઈસુ ખ્રિસ્તના મહિમાનો પ્રચાર કરવા માટે સમર્પિત છીએ.

જ્યારે અમે અમારા મિશન કેન્દ્રોની મુલાકાત લેવાનું શરૂ કર્યું, ત્યારે અમે તાજેતરમાં જ ૨૮મી જૂનથી ૩૦મી જૂન, ૨૦૨૪ સુધી, ઉત્તર ભારતના ગુજરાત રાજ્યમાંના દુમડા અને અકીરપાડા નામના બે અંતરિયાળ ગામોની મુસાફરી કરી હતી. અમે ભારતમાં અને તેનાથી આગળ ઘણા સ્થળોની મુલાકાત લેવાની યોજના ધરાવીએ છીએ. અમારા પ્રયત્નો માટે તમારી પ્રાર્થનાઓ ખૂબ પ્રશંસાપાત્ર છે.

ઈશ્વરની કૃપા દ્વારા, અમે સુવાર્તા ફેલાવવાનું ચાલુ રાખીએ છીએ, આગેવાનોને તૈયાર કરીએ છીએ અને જ્યાં પણ જઈએ છીએ ત્યાં ચર્ચની સ્થાપના કરવાનું ચાલુ રાખીએ છીએ, આ બધું આપણા પ્રભુ અને તારણહાર, ઈસુ ખ્રિસ્તના મહિમા માટે છે.

અમારા પરિવારોમાં અને મિનિસ્ટ્રીજોમાં વિવિધ કસોટીઓ અને લાલચનો સામનો કરવા છતાં, અમે તમારા અતૂટ સમર્થન માટે આભારી છીએ. અમે તમારી સાથે હાથ મિલાવીને આગળ કૂચ કરીએ છીએ. કૃપા કરીને અમને તમારા વિચારોમાં રાખો અને યહોવા પ્રભુ તમને માર્ગદર્શન આપે તેમ કાર્ય કરો. વહાલાઓ, અમે તમને અમારા હૃદયોમાં ધરી રાખીએ છીએ અને તમારા માટે પ્રાર્થનાઓ કરીએ છીએ.

પ્રેમ તથા આશીર્વાદો સાથે,

**ઈસુ ખ્રિસ્તમાં તમારા સેવકો**
**પાળક એલેક્ષ સેમસન સામ**
**પાળક એસ. સામ સેલ્વ રાજ**

(+91) 98412 71858 / 98410 71858, E.mail : sam@echoofhiscall.org

Our Ministries: ECHO OF HIS CALL Monthly Magazines (16 languages) • BIBLECOR - Postal Courses (3 languages) • YouTube Ministry • Online Courses • Theological Correspondence Courses (2 languages) • Church Planting • Nehemiah Bible Colleges • Gospel Printing Press • Great Commission Partners • St. Paul's Matriculation School • Crusades • Community Development

## કૃપા કરીને ધ્યાન આપો : ઈકો ઓફ હીજ કોલના વાચકોને

અમારા પાંચ મિનિટના ઈકો ઓફ હીજ કોલ યૂટ્યૂબ સંદેશાઓ સવારે ૨.૦૦ વાગેથી તામિલ, તેલગુ, અંગ્રેજી અને હિન્દીમાં (દરરોજ) પ્રસારીત કરવામાં આવે છે. તમે આ સંદેશાઓ સાંભળીને ઈશ્વરની કૃપા મેળવી શકો છો.

વધુમાં તમે મારા મોબાઈલ નંબરો (+૯૧)૯૮૪૧૦૭૧૮૫૮, +૯૧(૯૮૪૧૨૭૧૮૫૮) તમારા મોબાઈલમાં સેવ કરી રાખશો.

**પાળક એસ. સામ સેલ્વરાજ**

(પાન ૧થી આગળ...)

ઈશ્વરના વચનો આપણા જીવનોમાં પ્રગટ થાય છે તે જોવા માટે અઠવાડિયા, મહિનાઓ, વર્ષો કે દાયકાઓ પણ લાગી શકે છે. દાઉદે શમુએલ દ્વારા તેનો અભિષેક કરવાથી લઈને ઈસ્રાએલનો રાજા બનવા સુધીના તેના જીવન વિશેની ભવિષ્યવાણીને પરિપૂર્ણ થતાં જોવા માટે ૧૫ થી ૨૦ વર્ષોથી વધુ રાહ જોઈ હતી. ઈશ્વર ઉતાવળ કરતા નથી કે વિલંબ પણ કરતા નથી; તેઓ તેમના સંપૂર્ણ સમય અનુસાર કાર્ય કરે છે. આપણે ધીરજપૂર્વક તે જોવા માટે રાહ જોવી જોઈએ કે તેઓ તેમના નિયત સમયે તેમની યોજના કેવી રીતે પ્રગટ કરે છે. દાઉદ આ સમજ્યો હતો, તેથી જ તે વારંવાર ગીતશાસ્ત્રમાં પોતાની જાતને ''યહોવા પ્રભુની રાહ જોવા'' યાદ અપાવે છે. આ વિષયવસ્તુ તેના ઘણા ગીતશાસ્ત્રોમાં પુનરાવર્તિત થાય છે. ઈશ્વરના ગુણોનું દાઉદે કરેલું વર્ણન બાઈબલમાં અજોડ છે : એક એવા ઈશ્વર જેઓ પ્રાર્થનાઓનો જવાબ આપે છે, આપણા આંસુઓને તેમની કુપ્પીમાં સંગ્રહિત કરે છે, એક ઘેટાંપાળક, આશ્રય, ગઢ, માર્ગદર્શક, મિત્ર, માતા, પિતા, પતિ, સાથી, ખડક, છાંયો, પડછાયો અને ભરવાડ. તેમના નામ તેના જીવનના અનુભવોને અનન્ય રીતે પ્રતિબિંબિત કરે છે. એક નામ જે મારી સાથે પડઘો પાડે છે તે છે બઆલ પરાસીમ, જે ૨ શમુએલ અધ્યાય ૫:૨૦ માં જોવા મળે છે, જેનો અર્થ થાય છે સફળતા આપનાર, પાણીની જેમ ધસી આવનાર ઈશ્વર''. જેમ પાણી આગળ ધસી આવે છે અને તેના માર્ગમાં આવતા અવરોધો તોડે છે, તેમ ઈશ્વર અવરોધોને તોડી નાખશે અને સફળતાઓ લાવશે. તે એક ખૂબ જ સામર્થ્યવાન નામ છે.

વ્યક્તિઓ, વ્યવસાયો અને ઘરોના દર્શન અનુસાર નામકરણ એ એક પ્રથા છે જે નોંધપાત્ર અર્થ અને સામર્થ્ય ધરાવે છે. નામો રાખતી વખતે, ઈશ્વર પાસેથી જ્ઞાન મેળવવાની સલાહ આપવામાં આવે છે, કારણ કે નામો વિશેષ અભિષેક ધરાવતા હોવાનું માનવામાં આવે છે. બાઈબલમાં, નામો ઘણી વાર ગહન મહત્વ ધરાવે છે.

### રફાઈમનું નીચાણ કે રફાઈમની ખીણ !

આવો મને બઆલ પરાસીમ એ નામની થોડી પૃષ્ઠભૂમિ જણાવવા દો.

૨જા શમુએલના ૫મા અધ્યાયમાં, ઈસ્રાએલના રાજા તરીકે દાઉદનો અભિષેક તેના જીવનની નિર્ણાયક પળ તરીકે ચિન્હિત થયેલી છે. ઈશ્વરની ભલાઈનો આનંદ માણવા અને જીવનવૃક્ષની સમાન પરિપૂર્ણતાનો અનુભવ કરવા છતાં (નીતિવચનો ૧૩:૧૨), દાઉદને તાત્કાલિક પડકારોનો સામનો કરવો પડ્યો હતો. જૂઠા અને ગાજનાર સિંહની પેઠે દર્શાવવામાં આવેલ શેતાન, દાઉદની શાંતિ, સુખ અને આનંદમાં વિક્ષેપ પાડવા માંગતો હતો, અને તેના પર વરસાવેલા આશીર્વાદોને નબળા પાડવાનો તેનો હેતુ હતો.

પલિસ્તીઓએ, તેમને દાઉદના અભિષેકની જાણ થતાં, તેઓ રફાઈમના નીચાણમાં એકઠા થયા હતા, જે યુદ્ધના મેદાનનું પ્રતીક હતું જ્યાં કદાવર લોકો રહેતા હતા.

### (૧) ઈશ્વરની યોજનાના કેન્દ્રમાં રહેવાથી શેતાનનું ધ્યાન આકર્ષિત થશે!

શત્રુ દળોનું આ વ્યૂહાત્મક પગલું જ્યારે કોઈ ઈશ્વરની ઈચ્છા સાથે સંલગ્ન હોય ત્યારે વિરોધનો સામનો કરે છે તે દર્શાવે છે. દાઉદે, તોળાઈ રહેલા જોખમને ઓળખીને, યુદ્ધમાં ભાગ લેતા પહેલા દૈવી દોરવણી માટે સલાહ માગી હતી, એ દર્શાવતા કે તે ઈશ્વરની યોજના પર નિર્ભરતા રાખે છે.

ઘેરાયેલા અને ફસાયેલા હોવા છતાં, વિશ્વાસીઓને યાદ રાખવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે કે ઈશ્વર, સૈન્યોના યહોવા પ્રભુ, સર્વવ્યાપી છે. રફાઈમનું નીચાણ કે રફાઈમની ખીણ, શત્રુના ગઢ તરીકે માનવામાં આવતી, તે દૈવી હસ્તક્ષેપનું સ્થળ બની ગયું કેમ કે ઈશ્વરે ધસી આવતા પાણીની જેમ વિરોધને તોડી પાડ્યો હતો. આ વિજયે બઆલ પરાસીમ, સફળતાઓના ઈશ્વર તરીકેની ઈશ્વરની ભૂમિકાને રેખાંકિત કરી છે, જેઓ દેખીતી હારોને શાનદાર જીતમાં ફેરવવામાં સક્ષમ છે.

વહાલા મિત્રો, તમે જ્યાં પણ હોવ, તમે તમારી જાતને ગમે તેવા સંજોગોમાં જોશો, હું તમને ઉત્સાહિત, હિંમતવાન અને મજબૂત બનવા માટે પ્રોત્સાહિત કરું છું, કારણ કે આપણે સફળતાના ઈશ્વરની સેવા કરીએ છીએ! તેઓ આપણને ખાતરી આપે છે કે તેઓ આપણી આગળ જશે અને આપણા શત્રુઓને હરાવશે. ઈશ્વરે પલિસ્તીઓ પર દાઉદને જે વિજય અપાવ્યો તે અદ્ભુત હતો, જે તમામ અવરોધોને તોડી નાખતા પાણીના ધસી આવતા એક શક્તિશાળી પ્રવાહ સમાન હતો. તેથી જ દાઉદે આ વિજયની જગ્યાનું નામ બઆલ પરાસીમ એટલે ધસી આવતું પાણી એવું રાખ્યું હતું.

વહાલા મિત્રો, યાદ રાખો કે આ તમારી સફળતાની જગ્યા છે! તેને માટે પ્રાર્થના કરો, તેનો દાવો કરો, તેની કબૂલાત કરો અને આત્મવિશ્વાસ સાથે જાહેર કરો, આ મારી સફળતાની જગ્યા છે. બઆલ પરાસીમ મને દોરી લઈ જશે, મારી સામે રચાયેલા દરેક હથિયારનો નાશ કરશે, મારું કુટુંબ, મારા લગ્ન, મારો વ્યવસાય, મારા બાળકો, મારું સેવાકાર્ય... તેઓ બઆલ પરાસીમ છે. અતૂટ વિશ્વાસ તે સાથે મોટેથી કહો. વર્તમાન પરિસ્થિતિ પર ધ્યાન કેન્દ્રિત કરશો નહિ; યહોવા પ્રભુની યોજનામાં ભરોસો રાખો. યરીખોના કોટની આસપાસ સાત દિવસ સુધી કૂચ કરવાનું ઈસ્રાએલીઓ માટે અતાર્કિક લાગતું હતું તેવું જ. આપણે આપણી પોતાની સમજ પર આધાર રાખવો જોઈએ નહિ. મૂસા માટે એવું માનવું કોઈ અર્થમાં ન હોત કે ઈશ્વર તેમના લોકોને તેના હાથમાં લાકડી આપવા સિવાય બીજા કશાથી છૂટકારો નહિ આપી શકે. વિશ્વાસની આંખો દ્વારા વસ્તુઓને જુઓ, એવું માનીને

કે ઈશ્વર, બઆલ પરાસીમ તરીકે, આપણા શત્રુઓને જીતવા માટે આગળ વધી રહ્યા છે. આમીન!

### (૨) જ્યારે હુમલો કરવામાં આવે ત્યારે, ઈશ્વરની હજૂરમાં જાઓ!

જ્યારે આક્રમણનો સામનો કરવો પડે છે અને પાપ અથવા સ્થિરતાના ચક્રમાં ફસાઈએ છીએ, જ્યાં પ્રગતિ અપ્રાપ્ય લાગે છે, ત્યારે આપણે અવરોધોને તોડવા માટે ઈશ્વરની હાજરીને શોધવી જોઈએ. દાઉદ, જ્યારે તે શત્રુઓથી ઘેરાયેલો હતો તે સમજીને, દોરવણી પ્રાપ્ત કરવા માટે યહોવા પ્રભુ તરફ ફર્યો હતો. શું આપણે આપણી સમસ્યાઓને આપણા પ્રથમ પ્રતિભાવ તરીકે યહોવા પ્રભુની આગળ લાવીએ છીએ? તમારી પ્રવૃત્તિઓને થોભાવો, ઈશ્વરના ગઢ તરફ પાછા ફરો અને ઉત્સાહપૂર્વક પ્રાર્થના કરો. નમ્રતા સાથે તેમની હજૂરમાં આવો, વિનંતી કરો, તેમને શોધો અને તેમના બારણાં ખટખટાવો. યહોવા પ્રભુનું નામ એક મજબૂત બુરજ છે; ન્યાયીઓ તેની અંદર સલામતી પ્રાપ્ત કરે છે.

જ્યારે દાઉદે પોતાને ઘેરાયેલો જોયો, ત્યારે તે દૈવી હસ્તક્ષેપ માટે પ્રાર્થનામાં નમ્રતાપૂર્વક ઘૂંટણિયે પડ્યો હતો અને ઈશ્વરની સલાહ માગી હતી. બાઈબલના ૨ શમુએલ ૫:૧૯માં, ત્યાં લખેલું છે કેઃ ઈશ્વરે પ્રતિસાદ આપ્યો હતો. આપણે એવા ઈશ્વરની ભક્તિ કરીએ છીએ જેઓ પ્રાર્થનાઓ સાંભળે છે અને તેમનો જવાબ આપે છે, પણ આપણો અભિગમ આતુરતાથી ભરેલો નિષ્ઠાવાન હોવો જોઈએ. સફળતા હાંસલ કરવા માટે, અવરોધો દૂર કરવા માટે વ્યક્તિએ વિક્ષેપોને બાજુએ મૂકીને, ઉદ્દેશ્યપૂર્વક ધ્યાન કેન્દ્રિત કરીને અને ઈશ્વરનો પ્રતિભાવ સ્પષ્ટ ન થાય ત્યાં સુધી ડગમગ્યા વિના સતત તેમના માર્ગદર્શનની શોધ કરીને ગંભીરતા દર્શાવવી જોઈએ. પરિસ્થિતિની ગંભીરતા જેટલી વધારે હશે, આપણી પ્રાર્થનાઓ એટલી જ ઉગ્ર હોવી જોઈએ. વિશ્વાસીઓના સમુદાય સાથેના સંબંધોને મજબૂત બનાવવું પણ નિર્ણાયક છે.

### (૩) રફાઈમના નીચાણમાંથી બઆલ પરાસીમ તરફ આગળ વધવું-એક પરિવર્તનશીલ સ્થળાંતર!

પલિસ્તીઓ રફાઈમના નીચાણમાં પસર્યા હતા, ત્યાં નુકસાનનું કાવતરું ઘડીને દાઉદની શોધ કરીને તેને હરાવવા માગતા હતા. પ્રતીકાત્મક રીતે, રફાઈમનું નીચાણ એવી જગ્યાને દર્શાવે છે જ્યાં શેતાન ઈશ્વરના બાળકોને અને તેમના તેડાં સહિત કોઈના જીવનમાં ઈશ્વરના હેતુને અટકાવવા, નુકસાન પહોંચાડવા અને અવરોધવા માટે પોતાને સ્થાન આપે છે. જ્યારે કેટલાક પોતાની જાતોને નિષ્ફળતા, હાર અને નિરાશાની આ ખીણમાં શોધી શકે છે, તે તે જ સ્થાન હશે જ્યાં તેમના વિરોધીઓ ડરીને નાસી જશે. ગાજનાર સિંહો જેવા શત્રુઓની ભયાવહ હાજરી હોવા છતાં, તે ચોક્કસ છે જ્યાં ઈશ્વર એક નોંધપાત્ર વિજયનું આયોજન કરશે - દાવનું ક્ષેત્ર - વિજયમાં બદલાતું ક્ષેત્ર.

### બઆલ પરાસીમ!

બઆલ પરાસીમ એક સ્થળ હતું જેનું દાઉદે પલિસ્તી દેવતાના નામ પરથી એ નામ પાડ્યું હતું. બઆલ, એક મહત્વ ધરાવતા સ્થાનને દર્શાવે છે જ્યાં શત્રુની દેખીતી શક્તિ ઈશ્વરના હસ્તક્ષેપથી વિખેરાઈ જાય છે. તે શત્રુના ગઢ પર પ્રવર્તતા ઈશ્વરના સામર્થ્યના પુરાવા તરીકે રજુઆત કરે છે. આજે, ઈશ્વર આપણને એવા ક્ષેત્રોમાં ચોક્કસ સફળતાઓ આપવા ઈચ્છે છે જ્યાં આપણે શત્રુને પકડમાં લેવાનું માનીએ છીએ. જેમ દાઉદે ઉદાહરણ આપ્યું તેમ, આપણા વતી તેમના અદ્રશ્ય કાર્યો વિશેની આપણા મર્યાદિત ધારણાને કારણે આપણે ઘણી વાર આપણા જીવનો માટેની ઈશ્વરની યોજનાઓની સંપૂર્ણ હદને સમજવામાં નિષ્ફળ જઈએ છીએ. ઈશ્વરના વિશ્વાસુપણા પર ભરોસો રાખવાથી જીવનના સૌથી પડકારરૂપ યુદ્ધના મેદાનોમાં પણ વિજયી પરિણામો મળે છે.

ઈસ્રાએલના સૈન્યોનું નેતૃત્વ ઈશ્વરના દૂતોના સૈન્યોએ કર્યું હતું તેમ, તમે લાંબા સમયથી રાહ જોઈ રહ્યા છો તે જબરદસ્ત વિજય લાવવા માટે તેઓ તમારા જીવનમાં સક્રિયપણે કાર્ય કરી રહ્યા છે. આ સિદ્ધાંત ખૂબ મહત્વ ધરાવે છે કારણ કે ઘણીવાર, જ્યારે ઈશ્વર શાંતપણે આપણા જીવનોમાં ઘટનાઓનું આયોજન કરે છે, ત્યારે આપણે ભૂલથી તેમની ગેરહાજરીનો અનુભવ કરી શકીએ છીએ, તજાય ગયાની લાગણી અનુભવીએ છીએ.

પ્રભુમાં વહાલા ભાઈઓ તથા બહેનો, આ નીડરતાથી જાહેર કરો, આ મારી સફળતાની, અવરોધો દૂર કરવાની ક્ષણ છે. આજે મારી જીતની શરૂઆત છે. જેમ ઈશ્વરે દાઉદને માટે રફાઈમના નીચાણને બઆલ પરાસીમમાં પરિવર્તિત કર્યું છે હતું, તેમ તેઓ આજે આપણામાંના દરેક માટે તે જ કરવા તૈયાર છે.

(આગળ પાન ૬ પર...)


## નિવાસી બાઈબલ અભ્યાસક્રમ

### નહેમ્યા બાઈબલ કોલેજ, ચૈનાઈ

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE REACHING NATIONS

માધ્યમ : हिंदी

આંતરરાષ્ટ્રિય ખ્રિસ્તી આગેવાનો અને વડિલ પાળકો દ્વારા છેલ્લા ૫૪ વર્ષોથી માન્યતા પ્રાપ્ત.

પ્રવેશ લેવા ઝડપ કરો!

ઈશ્વરવિદ્યામાં ડિપ્લોમા

શૈક્ષણિક પાત્રતા : ૧૦મું ધોરણ અને વધુ

**Contact : The Chairman, Nehemiah Bible College.**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.

Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858

E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

★ ઓનલાઈન ક્લાસ ઉપલબ્ધ છે ★

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES
SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો

વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (૨તિમોથીને પત્ર ૧:૬)

**PRAISE & PRAYER POINTS - From August 19 To September 18, 2024**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)



## ✝ સ્તુતિનાં મુદ્દાઓ

**ઓગસ્ટ ૧૯ :** અમારા **નહેમ્યા બાઈબલ કોલેજ** ફેકલ્ટી અને તેમના પરિવારના સભ્યોને આશીર્વાદિત કરવા બદલ.

**ઓગસ્ટ ૨૦ :** આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવનસાથી ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો પર અને તેમના કુટુંબો પર તેમની કૃપાળુ દયાને માટે.

**ઓગસ્ટ ૨૧ :** અમારી મિનિસ્ટ્રીને સમર્પિત સહ સંપાદકો સાથે આશીર્વાદિત કરવા માટે જેઓ ઈકો ઓફ હીજ કોલ સામયિક મિનિસ્ટ્રીને સહાયરૂપ થાય છે.

**ઓગસ્ટ ૨૨ :** અમને સમર્પિત કર્મચારીઓ સાથે આશીર્વાદિત કરવા માટે જેઓ તેમની ફરજો એક મનના થઈને કરે છે.

**ઓગસ્ટ ૨૩ :** અમારી **ઈકો ઓફ હિઝ કોલ** મિનિસ્ટ્રીને પ્લેટ બનાવનારાઓ, પ્લેટની ધાર કાઢનારાઓ, પ્રિન્ટિંગ શાહી પૂરું પાડનારાઓ, સ્ક્રીન પ્રિન્ટર્સ, વગેરેના બાહ્ય સમર્થન સાથે આશીર્વાદિત કરવા માટે.

**ઓગસ્ટ ૨૪ :** આપણા ભાગીદારો જેઓ અમને નૈતિક રીતે અને નાણાકીય યોગદાન દ્વારા સહાય કરે છે, તેમને આશીર્વાદિત કરવા માટે.

**ઓગસ્ટ ૨૫ :** આપણા **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલને** આચાર્ય, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ સાથે આશીર્વાદિત કરવા માટે.

**ઓગસ્ટ ૨૬ :** આપણા **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ, નહેમ્યા બાઈબલ કોલેજ** અને **બાઈબલના પત્રવ્યવહાર અભ્યાસક્રમો** પરના તેમના આશીર્વાદો માટે.

**ઓગસ્ટ ૨૭ :** મિશનના કાર્યકરો તરફથી મોટી પ્રતિબદ્ધતા માટે.

**ઓગસ્ટ ૨૮ :** ૧૦મી ઑગસ્ટ ૨૦૨૪ના રોજ આયોજિત અમારી ૫૬મી વર્ષગાંઠની ઉજવણીને આશીર્વાદિત કરવા માટે.

**ઓગસ્ટ ૨૯ :** અમારા વડીલ પાળક અને તેમના પરિવાર પ્રત્યેની તેમની કાળજીને માટે.

**ઓગસ્ટ ૩૦ :** રેવ. એસ. સામ સેલ્વરાજ અને ટીમ દ્વારા સુરત, ગુજરાતના મિશનોની મુલાકાતને માટે.

**ઓગસ્ટ ૩૧ :** અમારી પાછલા મહિનાની જરૂરીયાતો પૂરી પાડવા બદલ.

**સપ્ટેમ્બર ૦૧:** અમારા ચર્ચોમાં નવા સભ્યોને ઉમેરવા માટે.

**સપ્ટેમ્બર ૦૨:** **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલમાં** નવા પ્રવેશો માટે.

**સપ્ટેમ્બર ૦૩:** અમારા સર્વ કર્મચારીવર્ગના સભ્યો અને તેમના પરિવારોનું રક્ષણ કરવા માટે.

## ✝ પ્રાર્થનાનાં મુદ્દાઓ

**સપ્ટેમ્બર ૦૪:** આપણા વડીલ પાળક રેવ. એસ. સામ સેલ્વરાજની બહુવિધ મિનિસ્ટ્રીજોના દર્શનો સાથે આશીર્વાદિત કરવા માટે.

**સપ્ટેમ્બર ૦૫:** મુખ્ય ચર્ચ અને શાખા ચર્ચો સાથે જોડાયેલા **ઈકો ઓફ હિઝ કોલ** વિશ્વાસીઓ અને તેમના પરિવારોના કલ્યાણને માટે.

**સપ્ટેમ્બર ૦૬:** સર્વ ખ્રિસ્તી સંસ્થાઓ અને ચર્ચો પર આશીર્વાદ અને રક્ષણને માટે.

**સપ્ટેમ્બર ૦૭:** અમારી મિનિસ્ટ્રીના વિસ્તરણ માટે અને સુવાર્તાના વિશ્વવ્યાપી પ્રચારને માટે.

**સપ્ટેમ્બર ૦૮:** ખ્રિસ્તી પ્રચારકો ભેળસેળ વિના સંપૂર્ણ રીતે સુવાર્તાનો ઉપદેશ આપે તે માટે.

**સપ્ટેમ્બર ૦૯:** સર્વ દેશો વચ્ચે એકતા અને શાંતિ પ્રવર્તે તે માટે.

**સપ્ટેમ્બર ૧૦:** અમારા છાપખાનું ચલાવનાર માટે, છાપખાનાને ચલાવનાર સહાયકને માટે અને છાપખાનાના સર્વ કર્મચારીઓ માટે.

**સપ્ટેમ્બર ૧૧:** આપણા વડીલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના પરિવારના સભ્યો માટે તમામ પ્રકારની દુષ્ટ પરિબળોની સામે સલામતી માટે.

**સપ્ટેમ્બર ૧૨:** અમારી મિનિસ્ટ્રીજની પ્રવૃત્તિઓ માટે અને વિસ્તરણ માટે.

**સપ્ટેમ્બર ૧૩:** અમને ભારતના વણખેડાયેલા સ્થળો સુધી પહોંચવામાં સક્ષમ બનાવ્યા છે તે માટે.

**સપ્ટેમ્બર ૧૪:** દુનિયાભરની મહિલાઓ અને બાળકોની સુરક્ષા માટે.

**સપ્ટેમ્બર ૧૫:** દરેક મદ્યપાન કરનાર અને દુષ્ટ કામ કરનારાઓ પસ્તાવો કરવામાં પોતાની જાતને સમર્પિત કરે એવું યહોવા પ્રભુ કરો.

**સપ્ટેમ્બર ૧૬:** અમારી **નહેમ્યા બાઈબલ કોલેજોમાં** વધુ નવા વિદ્યાર્થીઓ જોડાય તે માટે.

**સપ્ટેમ્બર ૧૭:** અમારા રાજ્ય કો-ઓર્ડિનેટર અને તેમના પરિવારોની સુખાકારીને માટે.

**સપ્ટેમ્બર ૧૮:** ઈશ્વર આ મહિનાની અમારી જરૂરિયાતો પૂરી કરે તે માટે.

(પાન ૪ પરથી આગળ...)

૨ શમુએલ ૫:૨૧માં, આપણે પલિસ્તીઓના નાસી જતા જોયા છીએ, જે **યોગ્ય રીતે તેમનું હતું તેનો તેમણે ત્યાગ કર્યો હતો, કેમ કે દાઉદના સૈન્યએ તે બધું બાળી નાખ્યું હતું અને તેનો નાશ કર્યો હતો.**

હું પ્રાર્થના કરું છું કે યહોવા પ્રભુ તમારી આગળ જાય, તમારી સંઘર્ષની ખીણોને, નીચાણોને ભરપૂરતાના આશીર્વાદના સ્થાનોમાં ફેરવી નાખે, શત્રુઓએ જે પાછળ છોડી દીધું છે તે બધાનો નાશ કરવાનું તમને સામર્થ્ય આપે. યાદ રાખો, જ્યારે તમે તમારી જાતને શત્રુઓના અવિરત હુમલા હેઠળ જોશો, ત્યારે હિંમત રાખો, કેમ કે તમે યોગ્ય સ્થાને છો – ઈશ્વર તમારા જીવનમાં અદ્‌ભુત કાર્યો કરી રહ્યા છે.

આપણા વિરોધીઓ પાછા પડી ગયા છે, ઈશ્વરના હસ્તક્ષેપથી વિખેરાઈ ગયા છે. દાઉદના સૈન્યએ તેમનો વિરોધ કરનારા તમામને બાળી દીધા, તેમની રાખ સિવાય કશું જ છોડ્યું નહોતું.

*********

# યહોવા નેકની સાથે રહો! (૨ કાળવૃત્તાંત ૧૯:૧૧)

(મંડળીને પાળક એસ. સામ સેલ્વરાજ દ્વારા આપવામાં આવેલો સંદેશો)

વિશ્વાસુ જીવન જીવવાનો બદલો ઘણીવાર બહારથી જોવા મળતો નથી. આપણે જુઠ્ઠાણા સાથે અને મિથ્યાભિમાનમાં જીવતા માણસોને મોટા પ્રમાણમાં સમૃદ્ધ થતા જોઈ શકીએ છીએ. આનાથી આપણે વિચારી શકીએ કે, "વિશ્વાસુ જીવન જીવવાનો શું ફાયદો?" પણ જેમ જેમ દિવસો પસાર થાય છે તેમ તેમ, જેઓ વિશ્વાસુ છે, તેઓને પુષ્કળ પ્રમાણમાં દૈવી સહાય મળી રહે છે. **"વિશ્વાસુ માણસ આશીર્વાદથી ભરપૂર થશે."** (નીતિવચનો ૨૮:૨૦).

૧. ઈશ્વર તરત જ તેમની પ્રાર્થનાઓ સાંભળશે.

૨. ઈશ્વર તેમની અરજો મંજૂર કરશે.

૩. જ્યારે તેઓ જોખમમાં હોય ત્યારે પ્રભુનો દૂત તેમને સહાય કરવા માટે હંમેશા તૈયાર રહેશે.

હિઝિક્યા રાજા ઈશ્વરની દ્રષ્ટિમાં ન્યાયી હતો : **"તે ઈસ્રાએલના દેવ યહોવા પર ભરોસો રાખતો હતો; જેથી તેની પાછળ કે તેની અગાઉ યહૂદિયાના જે સર્વ રાજા થઈ ગયા તેઓમાં તેના જેવો બીજો કોઈ નહોતો. કેમ કે તે યહોવાને વળગી રહ્યો, ને તેનું અનુકરણ કરવાથી તે અટક્યો નહિ; યહોવાએ જે આજ્ઞાઓ મૂસાને ફરમાવી હતી, તે તેણે પાળી. યહોવા તેની સાથે હતો; જ્યાં જ્યાં તે ગયો, ત્યાં ત્યાં તે સફળ થયો."** (૨ રાજાઓ ૧૮:૫-૭).

૨ રાજાઓ અધ્યાય ૨૦માં, આપણે એ જ રાજાને મરણતોલ માંદો પડતા જોઈએ છીએ. તેણે પોતાનું મુખ ભીંત તરફ ફેરવીને યહોવા પ્રભુને પ્રાર્થના કરી હતી એમ કહીને કે, **"હે યહોવા, હું તારા કાલાવાલા કરું છું કે હું કેવી રીતે સત્યતાથી તથા સંપૂર્ણ હૃદયથી તારી સંમુખ ચાલ્યો છું, ને તારી દ્રષ્ટિમાં જે સારું છે તે કર્યું છે, તેનું હમણાં તું સ્મરણ કર..."** (૨ રાજાઓ ૨૦:૩).

અગાઉ, અમે એક ખ્રિસ્તી છાપખાનામાં અમારું સામયિક છાપતા હતા. એકવાર તે છાપખાનાના અધિક્ષકે મને કહ્યું, પાસ્ટર, જ્યારે આપણે દુન્યવી લોકો માટે કેટલાક છાપવાના કામો લઈએ છીએ, ત્યારે આપણને ખાતરી હોય છે કે તેના માટે પૈસા મળી જશે. પણ જ્યારે આપણે ઈશ્વરના સેવકો માટે કોઈ કામ કરીએ છીએ, ત્યારે તેમની પાસેથી પૈસા મેળવવા ખૂબ મુશ્કેલ થઈ જાય છે. તેમની પાસે પૈસા હોવા છતાં, તેઓ ચૂકવવા તૈયાર હોતા નથી. મને આશ્ચર્ય થાય છે કે તેઓ ઈશ્વરને માટે કેવી રીતે કામ કરે છે!

બાઈબલમાં આપણે એવા લોકોને જોઈ શકીએ છીએ જેઓ 'વિશ્વાસુ' હોય છે અને એવા લોકો જે 'સીધા કે નેક' હોય છે. ત્યાં 'વિશ્વાસુ' હોવું અને 'નેક' હોવું વચ્ચે ગાઢ સંબંધ છે. ૨ કાળવૃત્તાંત ૧૯:૧૧માં, આપણે વાંચીએ છીએ, **"...યહોવા નેકની સાથે રહો (ન્યાયીઓની સાથે)."** ગીતશાસ્ત્ર ૧૫:૧, ૨માં આપણે વાંચીએ છીએ, **"જે સાધુશીલતા પાળે છે, અને ન્યાયથી વર્તે છે, તે ઈશ્વરના પવિત્ર પર્વત પર વસશે."**

**"કેમ કે યહોવાની નજર આખી પૃથ્વીનું નિરીક્ષણ કર્યા કરે છે, જેથી જેઓનું અંતઃકરણ તેની તરફ સંપૂર્ણ (નેક) છે, તેઓને સહાય કરીને પોતે બળવાન છે એમ દેખાડી આપે...."**

(આગળ પાન ૮ પર...)

નહેમ્યા બાઈબલ
સાંધ્ય કોલેજ
ચેપોક તથા સંથોષપૂરમ, ચૈનાઈ.
માધ્યમ : તમિલ
પ્રવેશ લેવા ઝડપ કરો!
આંતરરાષ્ટ્રિય ખ્રિસ્તી આગેવાનો અને વડિલ પાળકો દ્વારા છેલ્લા ૫૪ વર્ષોથી માન્યતા પ્રાપ્ત.
ઈશ્વરવિદ્યામાં ડિપ્લોમ
મહેરબાની કરીને સંપર્ક કરો
શૈક્ષણિક પાત્રતા : ૧૦મું ધોરણ અને વધુ
Contact : The Chairman, Nehemiah Bible College.
10, MOHAMMED ABDULLAH 2ND STREET, BELLS ROAD, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

## મુખ્ય ચર્ચના કાર્યક્રમો :

૧. પ્રાર્થના ભજનસેવા - ૨૪ કલાકો.
૨. **ઈકો ઓફ હીજ કોલ** - માસિક સામયિકો : અંગ્રેજી, તામિલ, મલયાલમ, તેલગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાલી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દુ, સિંહાલા અને આફ્રિકન્સ
૩. **બાઈબલકોર** - મૂળભૂત બાઈબલ અભ્યાસક્રમ (અંગ્રેજી, તામિલ અને હિંદી)
૪. ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો - અંગ્રેજી અને તામિલ
૫. નહેમ્યા બાઈબલ કોલેજો - (ચેપોક, સંથોષપૂરમ અને વેલાચેરી)
૬. મહાન આદેશના ભાગીદારો - (પાળકોનું માળખું)
૭. તાલીમ કાર્યક્રમો - સેમિનારો અને રીટ્રીટો
૮. ક્રુસેડો
૯. સાહિત્ય વિતરણ અને તેનું ફોલો અપ
૧૦. સુવાર્તા છાપખાનું - પ્રકાશનો
૧૧. સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ - ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક શાળા
૧૨. રવિવારની સાબ્બાથશાળાઓ- રવિવારે સવારે ૧૦.૩૦ અને સાંજે ૩.૦૦ વાગે. (ચેપોક, વેલાચેરી, બાલાજી નગર અને સંથોષપૂરમ)
**૧૩. વહેલી સવારની ભજનસેવા - રવિવારે સવારે ૫.૩૦ વાગે**
**૧૪. પ્રારંભિક ભજનસેવા - રવિવારે સવારે ૮.૦૦ વાગે**
**૧૫. તામિલ ભજનસેવા - રવિવારે સવારે ૮.૩૦ વાગે**
**૧૬. જુવાનોની સભા - રવિવારે બપોરે ૧૧.૦૦ વાગે**
**૧૭. સહભાગીતા ભોજન - રવિવારે બપોરે ૧ વાગે**
**૧૮. હિન્દી ભજનસેવા - રવિવારે સાંજે ૪.૦૦ વાગે**
**૧૯. તેલગુ ભજનસેવા - રવિવારે સાંજે ૫.૦૦ વાગે**
**૨૦. અંગ્રેજી અને હિન્દી ભજનસેવા - રવિવારે સાંજે ૬.૦૦ વાગે**
૨૧. પ્રતિસાદ આપવાનો સમય - રવિવારે સાંજે ૭.૩૦ વાગે
૨૨. મહિલાઓની પ્રાર્થનાસભા - બુધવારે સાંજે ૫.૩૦ વાગે
૨૩. પૂરૂષોની પ્રાર્થનાસભા - શુક્રવારે સાંજે ૭.૦૦ વાગે
૨૪. અનુશાસનતા બેઠકો - શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૫. ગૃહ બેઠકસભાઓ - મંગળવારે અને બૂધવારે સાંજે ૬.૩૦ વાગે
૨૬. ખાસ પવિત્ર પ્રભુભોજન સંગત - દરેક મહિનાના પ્રથમ દિવસે સવારે ૬.૦૦ વાગે
૨૭. સેવકોની બેઠકસભા - પ્રથમ શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૮. માતાપિતાઓની પ્રાર્થનાસભા - પ્રથમ રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૨૯. રાત્રી પ્રાર્થનાસભા - ત્રીજા શુક્રવારે રાત્રે ૯.૩૦ વાગે
૩૦. ઉપવાસ સાથેની પ્રાર્થનાસભા - બીજા શનિવારે સવારે ૯.૩૦ વાગે
૩૧. પવિત્ર સહભાગીતા - બીજા રવિવારની ભજનસેવામાં
૩૨. જુવાનો/બાળકો માટે પ્રાર્થના - દરરોજ સાંજે ૧૦.૦૦ વાગે
૩૩. કર્મચારીઓની ભક્તિસભા - દરરોજ સવારે ૯.૦૦ વાગે
૩૪. કાર્યાલય - સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ વાગે સુધી (રવિવારો સિવાય)

## ઈકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં-૫૭ પૃષ્ઠો, હિન્દીમાં-૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, **નવુ જીવન-તમારા માટે** એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફીકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શૂલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુર્વાતિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂ.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીજમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઈશ્વર તમને આશીર્વાદિત કરશે!

***વધુ માહિતી માટે અમારા પર લખો***

**અધ્યક્ષ, નહેમ્યા બાઈબલ કોલેજ,**
**ઈકો ઓફ હીજ કોલ,**
૧૦, મહોમદ અબદુલ્લા બીજી ગલ્લી, ક્રિકેટ સ્ટેડીયમની સામે, ચેપોક, ચેનાઈ-૬૦૦૦૦૫, ભારત
ફોન. : (૦૪૪) ૨૮૫૨ ૮૨૮૨, ૨૮૫૨ ૯૨૯૩, ૨૮૫૪ ૭૭૬૬, ફોન:૯૮૪૧૦ ૭૧૮૫૨, ૯૦૯૨૪ ૬૨૫૬૬, ફૅક્સ (૦૪૪) ૨૮૫૧ ૫૬૫૮,
E-mail: biblecor@yahoo.co.in

## ઈકો ઓફ હીજ કોલ

### માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સઅપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે **ઈકો ઓફ હીજ કોલ** માસિક સામયિક તેમના ઘરે વિના મૂલ્ય મોકલશું.

## કર રાહત

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ શૈક્ષણિક ટ્રસ્ટ**ને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ શૈક્ષણિક ટ્રસ્ટ**ની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | | |
|---|---|---|
| ખાતાનું નામ | : | **Echo of his call Educational Trust** |
| ખાતા ક્રમાંક | : | ૧૦૨૩ ૨૯૨૩ ૮૦૫ |
| બેન્કનું નામ | : | સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા |
| શાખા | : | ત્રિપલીકેન, ચેન્નાઈ - ૬૦૦ ૦૦૫. |
| IFSC Code | : | SBIN 0000249 |
| SWIFT Code | : | SBI NIN BB 455 |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

**"જે વાંચે, તે સમજે"** (માથ્થી ૨૪:૧૫)

**"...યહોવાની વાટ જોનાર નવું સામર્થ્ય પામશે; ....અને નિર્ગત થશે નહિ" - યશાયા ૪૦:૩૧.**

વર્ષ ૧૯૭૨માં મારા ખૂબ જ શરૂઆતના દિવસો દરમિયાન, મને પ્રભુના આત્મા દ્વારા ચેન્નાઈના સૈદાપેટ નામના સ્થળે સુવાર્તિક ક્રુસેડ ચલાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યો હતો. અમે ભીંત પત્રિકાઓ, હાથે લખાયેલી પત્રિકાઓ વગેરે દ્વારા લોકોને ક્રુસેડ માટે આમંત્રિત કરવા માટે પૂરતી જાહેરાત આપી હતી. મેં મારા સાથીઓની મદદથી વધુને વધુ લોકોને લાવવાનો શક્ય તેટલો પ્રયાસ કર્યો હતો.

આ કાર્યક્રમ માટે પુષ્કળ પ્રાર્થનાઓ કરવામાં આવી હતી. મારા કેટલાક મિત્રો તેમના સંગીતનાં વાજિંત્રો, સાધનો અને ખાસ ગીતના ચોપાનિયાં લાવ્યા હતા. ક્રુસેડ શરૂ થવાની હતી તે સમયે, અમે ત્યાં કોઈ લોકોને આવતા જોઈ શક્યા ન હતા. પણ અમે લાંબા સમયથી રાહ જોઈ રહ્યા હતા. છેવટે બે ભાઈઓ ક્રુસેડમાં હાજરી આપવા આવ્યા. મારા બધા સાથી ભાઈઓ જેમણે ક્રુસેડ માટે સખત મહેનત કરી હતી તેઓ ખૂબ જ નિરાશ, દુઃખી થઈ ગયા હતા. તેઓએ મને પૂછ્યું કે શા માટે ઈશ્વરે અમારી પ્રામાણિક પ્રાર્થનાનો જવાબ આપ્યો નહોતો અને અમારી મહેનતનું સન્માન કર્યું નહિ. મેં તેમને કહ્યું કે ઈશ્વર કદાચ તેમની રીતે તેમનો જવાબ આપી શકે છે. મેં ખરેખર આશા ગુમાવી નહોતી. **મેં મારા ઈશ્વર યહોવા પ્રભુમાં બળ પકડ્યું.** (૧ શમુએલ ૩૦:૬).

જો કે, અમે ભજનસેવાનું સંચાલન કર્યું અને મેં એક સામર્થ્યવાન સંદેશનો ઉપદેશ આપ્યો અને બે સહભાગીઓમાંથી એકે યહોવા પ્રભુને પોતાનું જીવન સોંપ્યું અને પછી તેણે મારી સાથે યહોવા પ્રભુને માટે કામ કરવા માટે પોતાની જાતને સમર્પિત કરી.

હવે ઈશ્વરે મને ક્રુસેડોમાં ઉપદેશ આપવા માટે ઉંચો કર્યો છે જ્યાં હજારો લોકો ભારતમાં અને ભારત દેશની બહાર એકઠા થાય છે. ઈશ્વરનું નામ મહિમાવંત થયું હતું. આને માટે મારે ઘણા વર્ષો સુધી ઘણી ધીરજ અને વિશ્વાસ સાથે રાહ જોવી પડી હતી.

વહાલા ભાઈઓ અને બહેનો, શું તમે નિષ્ફળતાની હોડીમાં સફર કરી રહ્યા છો? શું તમને લાગે છે કે તમારી બધી મહેનત અને ઉપવાસ સહિતની પ્રાર્થનાઓ ફળ આપી રહી નથી? કેટલીકવાર ઈશ્વર ચૂપ હોય છે જ્યારે આપણે મોટી અને તાત્કાલિક અપેક્ષા સાથે ખૂબ જ સક્રિય થઈએ છીએ, તેમના પ્રત્યેની આપણા વિશ્વાસ અને ધૈર્યની પરીક્ષા કરવા માટે.

**"જેથી તમારા વિશ્વાસની પરીક્ષા જે અગ્નિથી પરખાયેલા નાશવંત સોના કરતાં બહુ મૂલ્યવાન છે તે ઈસુ ખ્રિસ્તના પ્રગટ થવાની વેળાએ સ્તુતિ, માન તથા મહિમા યોગ્ય થાય."** ૧ પિતરનો પત્ર ૧:૭.

ઈશ્વર તમને આશીર્વાદિત કરો.

~~~~~~~

---

(પાન ૬ પરથી આગળ...)

(૨ કાળવૃત્તાંત ૧૬:૯). **"ઈશ્વરને ન્યાયી પેઢીની જરૂર છે."** (લૂક ૧:૧૭). **"...પ્રામાણિકપણાથી વર્તનારને તે ઢાલરૂપ છે..."** (નીતિવચનો ૨:૭). **"...પોતાના જમાનામાં નૂહ ન્યાયી તથા સીધો માણસ હતો..."** (ઉત્પત્તિ ૬:૯). **"...સર્વસમર્થ દેવ હું છું; તું મારી સમક્ષ ચાલ, ને પરિપૂર્ણ થા. (ન્યાયી થા)"** (ઉત્પત્તિ ૧૭:૧). **"...ત્યારે યહોવાએ શેતાનને પૂછ્યું કે, "શું તેં મારા સેવક અયૂબને લક્ષમાં લીધો છે? પૃથ્વી ઉપર તેના જેવો નિર્દોષ તથા પ્રામાણિક, ઈશ્વરભક્ત તથા દુષ્ટતાથી દૂર રહેનાર બીજો કોઈ પુરુષ નથી."** (અયૂબ ૧:૮). **"ત્યારે તેની સ્ત્રીએ તેને કહ્યું કે, હજી સુધી તું તારા પ્રામાણિકપણાને દ્રઢતાથી વળગી રહ્યો છે? દેવને શાપ દે, અને મરી જા."** (અયૂબ ૨:૯). ... **"તું મને મારા નિર્દોષપણામાં સ્થિર રાખે છે, અને તારી હજૂરમાં મને સર્વકાળ રાખે છે."** (ગીતશાસ્ત્ર ૪૧:૧૨). **"ખ્રિસ્ત પરના વિશ્વાસમાં મારા ખરા દીકરા તિમોથી. ..."** (૧ તિમોથીને પત્ર ૧:૧).

સૌપ્રથમ, નૂહને તેની પેઢીમાં અલગ કરી શકાય છે. આપણે પણ આપણી દુષ્ટ પેઢીમાં ન્યાયી રીતે એકલા ઊભા રહેવા બદલ ઈશ્વરનો આભાર માનવા સમર્થ હોવા જોઈએ. ઈશ્વરે આપણ દરેકને જુદી જુદી પ્રતિભા, અલગ અલગ અવાજ, કૃપા અને તકો આપી છે. જ્યારે હું મારા ઓરડામાં એકલો હોઉં છું ત્યારે હું ઈશ્વરને પ્રાર્થના કરું છું, "હું તમારી સ્તુતિ કરું છું કે તમે મારી સાથે છો. જો તમે મારી સાથે ન હોત તો હું આ બધું ન કરી શક્યો હોત. તે તેમના દૈવી સામર્થ્ય અને અભિષેકને કારણે જ આપણે આવા મોટી બાબતો કરવા સક્ષમ છીએ. આપણે સાજાપણું પ્રાપ્ત કરીએ છીએ. ઈશ્વર નૂહને તેની દુષ્ટ પેઢીમાં એક ન્યાયી, પ્રામાણિક માણસ તરીકે જોઈ શક્યા હતા. આપણે પણ ન્યાયી રહેવું જોઈએ અને ઈશ્વરની સાથે ચાલવાનો લહાવો માણવો જોઈએ.

જ્યારે આપણે લોભી હોતા નથી, દરેક વ્યવહારમાં સત્યતા રાખીએ છીએ અને હંમેશા ઈશ્વરનો ડર રાખીએ છીએ, ત્યારે ઈશ્વર આપણી સાથે ચાલશે. જ્યારે આપણે એકલા હોઈએ છીએ ત્યારે આપણે ઈશ્વરની હાજરીનો અનુભવ કરી શકીએ છીએ.

બીજું, ઈશ્વરે નૂહને બોલાવ્યો અને તેને વહાણ બાંધવા માટે કહ્યું. ઘણા કહે છે, ઈશ્વર મને એકલાને બોલાવે અને મને ખાસ રીતે જણાવે. પછી હું તેમની આજ્ઞાનું પાલન કરીશ. જો ઈશ્વર આપણી સાથે બોલે છે, તો આપણા કાન તીક્ષ્ણ હોવા
~~~~~~~

(પાન ૬ થી આગળ...)

જોઈએ અને આપણું હૃદય સ્વચ્છ અને ખુલ્લું હોવું જોઈએ. જ્યારે આપણે તમામ છેતરપિંડીઓમાં સંડોવાયેલા અને ડાઘના પરિણામો ધરાવતા વિશ્વ સાથે એક થઈએ છીએ ત્યારે તેઓ ક્યારેય આપણો અભિષેક કરતા નથી અથવા આપણી સાથે વાત કરતા નથી. જો આપણે ઈશ્વરના બાળકો તરીકે જીવીએ, તો આપણે તેમનો અવાજ સાંભળી શકીએ છીએ. જો આપણે ઈશ્વરનો ડર રાખીએ અને ન્યાયી જીવન જીવીએ, તો તેઓ સર્વ રોગો, સમસ્યાઓ અને દુઃખો દૂર કરશે અને આપણને તેમનો અવાજ સાંભળવા સક્ષમ કરશે.

મેં મારા જીવનમાં ત્રણ વખત ઈશ્વરનો અવાજ ખૂબ જ સ્પષ્ટ રીતે સાંભળ્યો છે. તે ખૂબ જ મધુર અવાજ છે. એકવાર હું તેમને મારું નામ કહેતા સાંભળી શક્યો હતો. બીજા એક સમયે, તેમણે મને તેમના સેવાકાર્ય માટે બોલાવ્યો હતો. ત્રીજી વખત, જ્યારે હું માંદો હતો ત્યારે તેમણે મને વચન આપ્યું હતું. આ અનુભવોનું રક્ષણ કરવું ખૂબ મુશ્કેલ છે.

ઈશ્વરના વહાલા બાળકો, તેઓ અન્યાયી ઈશ્વર નથી કે તમે કરેલી બધી સારી બાબતો અને દાનોને વીસરી જાય. (હિબ્રૂઓને પત્ર ૬:૧૦). તેઓ ન્યાયી ઈશ્વર છે. જો તમે તેમની આગળ ન્યાયી છો અને તમારી જાતને તેમની આગળ 'સમર્થ વ્યક્તિઓ' તરીકે રાખશો, તો તેઓ ચોક્કસ તમારી સાથે ચાલશે. તમે તેમનો અવાજ પણ સાંભળી શકો છો. આ બધા ઉપરાંત, તેઓ તમને તેમની ઈચ્છા પૂરી કરવાની કૃપા આપશે.

ઈશ્વરના આશીર્વાદો આપણે તેમના કાર્યમાં કરેલી આપણી પ્રતિબદ્ધતા પર આધારિત છે. આપણે ચોક્કસ તેમનો અવાજ સાંભળી શકીએ છીએ.

ત્રીજું, નૂહને પણ ઈશ્વર તરફથી કામ મળ્યું હતું. આપણે એવા સેવકો તરીકે ન રહેવું જોઈએ જેમને ઈશ્વર તરફથી કોઈ આદેશ મળ્યો નથી. જ્યારે તમે તમારી જાતને સંપૂર્ણ રીતે સમર્પિત કરો છો, ત્યારે તમે ઈશ્વરને તમારી સાથે ચાલતા જોવાનું શરૂ કરો છો. તે એટલા માટે છે કેમ કે આપણે તેમની કૃપા અને તેમના પ્રેમમાં નથી, આપણે તેમનું કાર્ય અસરકારક રીતે કરવામાં નિષ્ફળ જઈએ છીએ. જ્યારે આપણે આપણા પોતાની રીતે બાબતો કરીએ છીએ, ત્યારે આપણને નિષ્ફળતાઓ મળે છે. પણ જ્યારે આપણે ઈશ્વરની મરજીમાં કામ કરીએ છીએ, ત્યારે તેઓ આપણને મોટું સામર્થ્ય આપે છે.

આગળ, ઈશ્વર આપણને લાયક બનાવે છે. તેથી આપણે કુશળતા વિકસાવીએ છીએ. તેઓ આપણા કામમાં આપણને બદલો પણ આપે છે. કેટલીકવાર અમે કેટલાક સેવકોના માતા-પિતાઓના શબ્દો સાંભળ્યા હતા કે, મારા પુત્રએ ઈશ્વરનું સેવાકાર્ય સંભાળ્યું છે. મને આશ્ચર્ય થાય છે કે તે કેવી રીતે જીવી શકશે. જેઓ યહોવા પ્રભુના રાજ્ય માટે કામ કરે છે તેઓ આ દુનિયામાં સૌથી મહાન વ્યક્તિઓ છે. ઈશ્વર તેમના રાજ્ય માટે કામ કરનારાઓને આશીર્વાદ આપવા માંગે છે. નૂહ પણ ઈશ્વર દ્વારા આપવામાં આવેલ તમામ કાર્ય પૂર્ણ કરવામાં સક્ષમ બન્યો હતો. આપવામાં આવેલી યોજનાઓને ઘણી વખત, આપણે ઈશ્વર દ્વારા સ્વીકારવામાં અસમર્થ રહીએ છીએ. જો તે આપણી ક્ષમતાની બહાર હોય તો આપણે આશ્ચર્ય કરવાનું શરૂ કરીએ છીએ. ઈશ્વર અપેક્ષા રાખે છે કે આપણામાંના દરેક તે કરે જે તેઓ ઈચ્છે છે. તેઓ આપણને જે કરવા કહે છે તે આપણે બરાબર કરવું જોઈએ, ભલે તે ગમે તે હોય.

અંતે આપણે વાંચીએ છીએ, **"નૂહે એમ જ કર્યું; દેવે તેને જે સર્વ આજ્ઞા આપી હતી, તે પ્રમાણે તેણે કર્યું."** (ઉત્પત્તિ ૬:૨૨). ઈશ્વર તેમણે જે શરૂ કર્યું છે તે બધું પૂર્ણ કરશે. તેમણે તમારા જીવનમાં જે શરૂ કર્યું છે, તે તેઓ પરિપૂર્ણ કરશે. તેમણે તમને કયા હેતુથી બોલાવ્યા છે, તે તેઓ ચોક્કસ પરિપૂર્ણ કરશે. તમારે ફક્ત **ઈશ્વરનો ડર રાખવા માટે હમેશા તમારી જાતને બદલવી પડશે. ઈશ્વરની દ્રષ્ટિમાં સાચા બનો.** જૂઠું બોલશો નહિ. ઘણા લોકો સત્ય બોલવા માંગે છે. પણ તે પહેલા તેઓ જૂઠું ઉચ્ચારશે. ઈશ્વર જૂઠું બોલનારાનો ઉપયોગ કરશે નહિ. તમારી જાતને એવા લોકો તરીકે બદલો કે જેઓ લોભી રહેતા નથી. લોભને ધિક્કારવાનો પ્રયત્ન કરો. **"યહોવા નેકની સાથે રહો.."** (૨ કાળવૃત્તાંત ૧૯:૧૧)

**********


# We're HIRING

Qualified, Expeienced & Mission Minded Candidates for

**Medavakkam ST. PAUL'S MATRICULATION SCHOOL :**

- **PRINCIPAL**
- **TEACHERS** (Social Science, KG etc.,)

**for Head Office @ CHEPAUK :**

- **DTP OPERATORS**
- **COMPUTER OPERATORS (with Typing)**
- **DRIVERS**

E.mail : samselvaraj333@gmail.com

97908 05460 / 044- 2852 8282


## કૃપા કરીને ધ્યાન આપશો!

### પાળક એસ. સામ સેલ્વરાજની આત્મકથા

અમે પાળક એસ. સામ સેલ્વરાજની આત્મકથાને પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરવાના અંતિમ તબક્કામાં છીએ. **અમે તમારી સાક્ષીઓ માટે વિનંતી કરીએ છીએ, જે દસ લીટીઓ સુધીની હોઈ શકે છે, જેમાં ઈશ્વરે તેમની મિનિસ્ટ્રી દ્વારા તમારા આત્મિક વિકાસને કેવી રીતે પ્રભાવિત કર્યો છે તેની વિગત હોય.** વધુમાં, જો તમે આત્મકથામાં સમાવેશ કરવા માટે તમારો એક ફોટો મોકલશો તો અમે તેની કદર કરીશું.

**- સંપાદક**

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/24-26 WPP NO. TN/PMG(CCR)/WPP-216/24-26

## ઈકો ઓફ હીજ કોલ

### યુટ્યુબ

**સબસ્ક્રાઈબ કરો**

જ્યારે તમને સમય મળે ત્યારે કૃપા કરીને અમારી **ઈકો ઓફ હીજ કોલ યુટ્યુબ ચેનલ** જુઓ અને તેને સબસ્ક્રાઈબ કરો. આભાર

– સંપાદક

## OUR BANK DETAILS:

### *1. Bank : State Bank of India*

| | | |
|---|---|---|
| Branch | : | **Triplicane, Chennai-5** |
| Name | : | **S. Sam Selva Raj** |
| A/C No. | : | **1023 2934 679** |
| IFSC | : | **SBIN 00 00 249** |
| SWIFT CODE | : | **SBI NIN BB 455** |

### *2. Bank : ICICI Bank*

| | | |
|---|---|---|
| Branch | : | **Anna Salai, Chennai-6** |
| Name | : | **Echo of His Call** |
| A/C No. | : | **6038 0502 2319** |
| IFSC | : | **ICIC 000 6038** |

### *3. Bank : State Bank of India*

**(This Account is for Tax Exemption for Indians only )**

| | | |
|---|---|---|
| Branch | : | **Triplicane, Chennai-5** |
| Name | : | **Echo of His Call Educational Trust** |
| A/C No. | : | **1023 2923 805** |
| IFSC | : | **SBIN 00 00 249** |

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**

*****

**E.mail : sam@echoofhiscall.org**

## તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

**વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/-** **આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-**

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારૂં સરનામું **ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.com

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

**RNI NO. 70103/98**
**Postal Regn. No. TN/CH/(C)/203/24-26**
**WPP NO. TN/PMG(CCR) / WPP- 216/24-26**
**Date of Publication: Third week of every month**
**Date of Posting : 15th & 16th of every month**
**Posted at "Egmore RMS / 1 Patrika Channel"**
**on 16th AUGUST 2024**
**If un-delivered please return to:**
**ECHO OF HIS CALL (GUJARATI)**
**P.O. Box No. 2957,**
**Chepauk, Chennai - 600 005, INDIA.**
**Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766**

***JESUS LOVES YOU!***

**To**

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers,** New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**